For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

# સુરત દેશનાં સૌથી વ્યસ્ત એરપોર્ટમાં ઉદયપુર, અગરતલા, જમ્મુ અને પોર્ટબ્લેરને પછાડી 33માં ક્રમે પહોંચ્યું

**વર્ષ**-2023-24માં સુરત એરપોર્ટનો ક્રમાંક 37 હતો, એ 24.9% પેસેન્જર ગ્રોથ સાથે 2024-25માં 33મા ક્રમે પહોંચ્યો, વડોદરા 41 પરથી 43માં ક્રમે ધકેલાયું

**ગુજરાતનાં** મુખ્ય એરપોર્ટ અમદાવાદ, વડોદરા, રાજકોટની તુલનામાં સુરતનો પેસેન્જર ગ્રોથ સર્વાધિક 24.9% રહ્યો, જો સુરતને વધુ ફ્લાઇટ મળે તો બીજાં ઘણાં એરપોર્ટને પાછળ ધકેલવાની ક્ષમતા ધરાવે છે

સુરત: એક ઇન્ટરનેશનલ એરપોર્ટ પર હોવી જોઈએ એટલી આધુનિક સુવિધાઓની તુલનામાં ખૂબ મર્યાદિત ઈન્ફ્રાસ્ટ્રક્ચર સુવિધાઓ છતાં દેશના સૌથી વ્યસ્ત 50 એરપોર્ટમાં સુરત 4 ક્રમ ઉપર ગયું છે. ઉદયપુર, અગરતલા,જમ્મુ અને પોર્ટબ્લેર એરપોર્ટને પછાડી સુરત 33મા ક્રમે પહોંચ્યું છે.

નાણાંકીય વર્ષ 2023-24માં સુરત એરપોર્ટનો ક્રમાંક 37 હતો. એ 24.9% પેસેન્જર ગ્રોથ સાથે 2024-25માં 33મા ક્રમે પહોંચી ગયું છે. જ્યારે વડોદરા કસ્ટમ નોટિફાઇડ એરપોર્ટ 41 પરથી 43માં ક્રમે ધકેલાયું

...અનુસંધાન પાના 5 પર

## દેશનાં સૌથી વ્યસ્ત 50 એરપોર્ટમાં ગુજરાતનાં 4

| ક્રમ | એરપોર્ટનું નામ | 2024-25 | 2023-24 | વધારો | ક્રમ ફેરફાર |
|---|---|---|---|---|---|
| 7 | અમદાવાદ | 1,34,27,697 | 1,16,96,227 | 14.8% ▲ | યથાવત ▲ |
| 33 | સુરત | 17,24,821 | 13,80,752 | 24.9% ▲ | +4 ▲ |
| 43 | વડોદરા | 12,64,148 | 12,18,637 | 3.7% ▲ | -2 ▼ |
| 46 | રાજકોટ | 10,88,570 | 9,95,991 | 9.29% ▲ | -- ▲ |



## સુરત એરપોર્ટ પર વર્ષ-2019-20નો સર્વાધિક પેસેન્જરનો રેકોર્ડ 2024-25માં તૂટ્યો

ફેબ્રુઆરી-2025ના મહિનામાં એર શો અને પ્રયાગરાજ મહાકુંભને કારણે એરક્રાફ્ટ મૂવમેન્ટ ઘટી ન હોત તો આ સંખ્યા હજી વધતે. વી વર્ક ફોર વર્કિંગ એરપોર્ટ એટ સુરતના સંજય જૈને જણાવ્યું હતું કે, નાણાંકીય વર્ષ-2019-20માં 14,71,405 ડોમેસ્ટિક અને 44,151 ઇન્ટરનેશનલ પેસેન્જર મળી કુલ 15,15,556 પેસેન્જર નોંધાયા હતા. એ રેકોર્ડ 2024-25માં તૂટ્યો છે. નાણાંકીય વર્ષના 12 મહિનામાં 15,66426 ડોમેસ્ટિક અને 1,58,395 ઇન્ટરનેશનલ પેસેન્જર મળી કુલ પેસેન્જરની સંખ્યા 17,24,821 નોંધાઈ છે.

## પેસેન્જર ગ્રોથમાં આ ચાર એરપોર્ટને પાછળ ધકેલી સુરત 37મા ક્રમથી 33મા ક્રમે પહોંચ્યું

ગયા વર્ષે 2023-24માં ઉદયપુર 33મા ક્રમે, અગરતલા 34મા ક્રમે, જમ્મુ 35મા ક્રમે અને પોર્ટબ્લેર 36મા ક્રમે હતું. એ ચારેય એરપોર્ટને પછાડી સુરત પેસેન્જર ગ્રોથના મામલે 37મા ક્રમાંકથી 33મા ક્રમાંકે 4 સ્ટેપ ઉપર ગયું છે.

## 2024-25માં સુરત એરપોર્ટ પર ઓલ ટાઇમ હાઇ 17,24,821 પેસેન્જર નોંધાયા

સુરત એરપોર્ટના ઇતિહાસમાં સર્વાધિક પેસેન્જર ગ્રોથ નાણાંકીય વર્ષ 2024-25ના 12 મહિના (એપ્રિલ-2024થી માર્ચ-2025)માં નોંધાયો છે. નાણાંકીય વર્ષ 2024-25ના 12 મહિનામાં સુરત એરપોર્ટ પર ઓલ ટાઇમ હાઇ 17,24,821 પેસેન્જર નોંધાયા છે. 12 મહિનામાં 15,66426 ડોમેસ્ટિક અને 1,58,395 ઇન્ટરનેશનલ પેસેન્જરની અવરજવર રહી છે, 8885.5 મેટ્રિક ટન કાર્ગોની હેરફેર નોંધાઈ છે. માર્ચ-2025માં 1,37,144 ડોમેસ્ટિક અને 14,989 ઇન્ટરનેશનલ મળી 1,52,133 પેસેન્જર નોંધાયા

...અનુસંધાન પાના 5 પર

**વર્ષ 2024-25માં ગ્રોથ 24.9%**

ડોમ્સ્ટીક પેસેન્જર 15,66,426 | ઈન્ટરનેશનલ પેસેન્જર 1,58,395 | કુલ પેસેન્જર 17,24,821

**પ્રેમ પ્રકરણનો કરુણ અંજામ આવ્યો હોવાની આશંકા**

# વિધવા શિક્ષિકા અને નિવૃત્ત શિક્ષકની રહસ્યમય સંજોગોમાં લાશ મળી



**ચીખલીના** રાનકૂવામાં વિધવા શિક્ષિકા તેના જ ઘરમાં નિવૃત્ત શિક્ષક સાથે મૃત હાલતમાં મળી આવ્યા

**અગાઉ** બંને એક જ શાળામાં નોકરી કરતાં હતાં ત્યારથી પરિચયમાં આવ્યાં હતાં

## શિક્ષિકાની હત્યા બાદ નિવૃત્ત શિક્ષકે ફાંસો ખાધો હોવાની ચર્ચા

રાનકુવામાં એક જ ઘરમાં વિધવા શિક્ષિકા અને નિવૃત્ત શિક્ષક રહસ્યમય સ્થિતિમાં મૃત હાલતમાં મળી આવતા સ્થાનિકો મોટી સંખ્યામાં એકત્ર થઈ ગયા હતા. જોકે લતાબેનને મોઢાના ભાગે લોહી પણ નીકળતું હોય તેવામાં તેણીની હત્યા બાદ નિવૃત્ત શિક્ષકે પણ ફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું હોવાનું અને પ્રેમ પ્રકરણનો કરુણ અંજામ આવ્યો હોવાની પણ આશંકા સેવાઈ રહી છે. ત્યારે પીએમ રિપોર્ટ અને પોલીસની તપાસ બાદ સમગ્ર હકીકત બહાર આવશે.

ઘેજ : ચીખલી તાલુકાના રાનકુવામાં ૪૫ વર્ષીય વિધવા શિક્ષિકા તેના ઘરમાં અને એક નિવૃત્ત શિક્ષક રહસ્યમય સંજોગોમાં મૃત હાલતમાં મળી આવતા ચકચાર મચી હતી. પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી પેનલ પીએમ કરાવી તપાસ હાથ ધરી હતી.

સોમવારના રોજ વહેલી સવારે વિધવા શિક્ષિકા પોતાના ઘરમાં મૃત હાલતમાં પડેલી હતી. તો તેના જ ઘરમાં નિવૃત્ત શિક્ષક ફાંસો ખાધેલી હાલતમાં જોવા મળ્યો હતો. બંને અગાઉ એક જ શાળામાં નોકરી કરતા હતા. ત્યારથી જ પરિચયમાં હતા. જોકે બનાવને પગલે સ્થાનિકો મોટી સંખ્યામાં એકત્ર થઈ જવા સાથે અનેક તર્ક વિતર્ક ઉભા થવા પામ્યા હતા. પ્રેમ પ્રકરણના કરૂણ અંજામની આશંકા સેવાઈ રહી છે.

પોલીસ મથકેથી પ્રાપ્ત વિગત મુજબ ફરિયાદી ચેતન ગમનભાઇ પટેલ (રહે.સારવણી ફણસપાડા) ની નાની બહેન લતાબેનના લગ્ન અમલસાડના દિપકભાઇ સાથે થયા હતા.જેમનો દીકરો એન્જિયરિંગમાં અભ્યાસ કરે છે. ૨૦૦૦ ના વર્ષમાં દિપકભાઇનું મોત થયા બાદ છેલ્લા દસેક વર્ષથી લતાબેને રાનકુવાની શિવ દર્શન સોસાયટીમાં મકાન લઈ તેમાં રહેતા હતા.

લતાબેન વાંસદા તાલુકાના પ્રતાપનગર ખાતે રહેતા છોટુભાઇ રણછોડભાઇ પટેલ (ઉ.વ-૬૩) સાથે અગાઉ એક જ શાળામાં નોકરી કરતા હતા. ત્યારથી બંને વચ્ચે ઓળખાણ થતા છોટુભાઇ અવર નવર લતાબેનના ઘરે આવતા જતા હતા. આ દરમ્યાન સોમવારે સવારે લતાબેનના ઘરમાં નિવૃત્ત શિક્ષક છોટુભાઇ હોલમાં પંખા જોડે ઓઢણીથી ફાંસો ખાધેલી હાલતમાં જ્યારે શિક્ષિકા લતાબેન બેડરૂમમાં જવાના પેસેજમાં મરણ ગયેલી હાલતમાં જોવા મળ્યા હતા. આ અંગેની જાણ કરાતા પોલીસે પહોંચ્યા બાદ ઘરનો મેઇન દરવાજો બંધ હોવાથી બારીની લોખંડની ગ્રીલ તોડી મેઇન દરવાજો ખોલી પોલીસે લાશનો કબ્જો લઈ પેનલ પીએમ માટે તજવીજ હાથ ધરી હતી. લતાબેનના ગળામાં ફાંસો

...અનુસંધાન પાના 5 પર

# ઉધના રેલવે સ્ટેશને 7 દિવસમાં 1.04 લાખથી વધુ કરંટ ટિકિટ વેચાઈ

**રેલવે** તંત્રનું આગોતરું આયોજન ફેઇલ

**અનેક** વખત ટિકિટની વિન્ડો બંધ રાખવી પડી



સુરતઃ ઉનાળાના વેકેશન દરમિયાન, 21થી 27 એપ્રિલ દરમિયાન, 1 લાખ 4 હજાર મુસાફરોએ ઉધના રેલવે સ્ટેશનથી ચાલુ ટિકિટ ખરીદીને મુસાફરી કરી હતી. આમાંથી 70થી 75 ટકા મુસાફરો ઉત્તરભારત જતી ટ્રેનોના હોય છે. તે જ સમયે, મુસાફરોની સંખ્યામાં વધારો થવાને કારણે, ચાલુ ટિકિટનું વેચાણ અલગ-અલગ દિવસોમાં થોડા કલાકો માટે બંધ કરવામાં આવ્યું હતું. જેના પરથી અંદાજ લગાવી શકાય છે કે ઉધના રેલવે સ્ટેશન પર મુસાફરોની ભીડ કેટલી મોટી છે અને તેની સરખામણીમાં ખાસ ટ્રેનોની સંખ્યા ઓછી છે. 7થી 28 એપ્રિલ દરમિયાન કુલ 49 ટ્રીપ ખાસ ટ્રેનોની દોડાવવામાં આવી હતી, જેમાં, 62162 આરક્ષિત અને 26610 અનારક્ષિત મુસાફરોએ મુસાફરી કરી હતી, જેને પગલે પશ્ચિમ રેલવેને 5.68 કરોડ રૂપિયાની આવક થઈ છે.

મળેલી માહિતી મુજબ, સુરત અને ઉધના રેલવે સ્ટેશનો પર ઉનાળાની રજાઓમાં ગામડાંઓમાં જતા મુસાફરોની સંખ્યામાં વધારો થયો છે. ભીડ વ્યવસ્થાપન માટે પશ્ચિમ રેલવેએ મુંબઈ ડિવિઝનના અધિકારીઓની દેખરેખ હેઠળ સ્થાનિક અધિકારીઓ અને સુપરવાઈઝરોની ટીમો બનાવી છે. જેમાં આરપીએફ, જીઆરપીએફ, હોમગાર્ડ, ટિકિટ ચેકિંગ સ્ટાફ અને અન્ય રેલવે કર્મચારીઓનો સમાવેશ થાય છે.

સૂત્રોએ જણાવ્યું હતું કે, મુંબઈ ડિવિઝને વર્ષ 2022-23માં સ્પેશિયલ ટ્રેનોની 858 ટ્રીપ દોવી હતી, જે વર્ષ 2023-24માં વધીને 1356 અને વર્ષ 2024-25માં બમણી થઈને 2725 ટ્રીપ થશે. આ વર્ષે, એપ્રિલથી જૂન માટે ખાસ ટ્રેનોની 632 ટ્રીપ પહેલાથી જ સૂચિત કરવામાં આવી છે. મુસાફરોની માંગને પહોંચી વળવા માટે એપ્રિલ-જૂન 2025 દરમિયાન યુપી અને બિહાર તરફ ખાસ દોડતી 14 નિયમિત સાપ્તાહિક ટ્રેન ઉપરાંત, બિહાર માટે 104 ખાસ ટ્રેન ટ્રીપ અને ઉત્તરપ્રદેશ માટે 111 ખાસ ટ્રેન સૂચિત કરવામાં આવી છે.

## રેલવે સ્ટેશન પર ટિકિટ હોય તેને જ પ્રવેશ

ઉધના રેલવે સ્ટેશનના પૂર્વ વિસ્તારના બીજા પ્રવેશદ્વાર પર એક હોલ્ડિંગ એરિયા બનાવવામાં આવ્યો છે, જ્યાંથી પ્લેટફોર્મ પર ભીડ ટાળવા માટે મુસાફરોનું નિયમન કરવામાં આવે છે. રાહ જોઈ રહેલા મુસાફરોને, પાર્કિંગની જગ્યાઓ પર ભીડ ન થાય તે માટે હોલ્ડિંગ એરિયામાં લાવવામાં આવે છે અને ફક્ત ટિકિટ ધારકોને જ શિસ્તબદ્ધ રીતે લાઇન બનાવીને સ્ટેશન પરિસરમાં પ્રવેશવાની મંજૂરી આપવામાં આવે છે, જેનું સતત નિરીક્ષણ સુરક્ષા કર્મચારીઓ દ્વારા કરવામાં આવે છે. એફઓબી પર ભીડ ટાળવા માટે નિયમિત મેલ, એક્સપ્રેસ અને સ્પેશિયલ ટ્રેનોના ડબ્બાને અલગ કરવામાં આવે છે. ફક્ત માન્ય ટિકિટ ધરાવતા મુસાફરોને જ પ્લેટફોર્મ અને ટ્રેનમાં પ્રવેશવાની મંજૂરી છે તેમજ એકવાર અનરિઝર્વ્ડ કોચ ક્ષમતાથી ભરાઈ જાય, પછી અનરિઝર્વ્ડ મુસાફરોને પાછા મોકલી દેવામાં આવે છે.

## અડાજણમાં આજે ભગવાન પરશુરામની જયંતીની ઉજવણી



ભગવાન પરશુરામને ભગવાન વિષ્ણુના છઠ્ઠા અવતાર માનવામાં આવે છે. એવું માનવામાં આવે છે કે તેઓ ચિરંજીવી છે અને હજી પણ પૃથ્વી પર હાજર છે. ત્યારે આજે પરશુરામ જયંતિ હોવાથી બ્રહ્મસમાજ આજે પરશુરામ જયંતિની ઉજવણી અડાજણ પરશુરામ ગાર્ડન ખાતે કરવામાં આવશે.

## પુણામાં રત્નકલાકારના યુવાન પુત્રનો ઝેરી દવા પી આપઘાત

સુરતઃ કડોદરા ખાતે રહેતા રત્નકલાકારના પુત્રએ પુણા ખાતે એક મોલની પાસે રહસ્યમય સંજોગોમાં ઝેરી દવા પી આપઘાત કરી લીધો હતો.

સ્મીમેર હોસ્પિટલ પાસેથી મળતી માહિતી મુજબ કડોદરા ખાતે આવેલા ઓમ પ્લાઝામાં રહેતા રાજુભાઈ મજેઠીયા રત્નકલાકાર તરીકે કામ કરી પરિવારમાં પત્ની અને ત્રણ સંતાનનું ગુજરાન ચલાવે છે. રાજુભાઈના ત્રણ સંતાન પૈકી પુત્ર 20 વર્ષીય દર્શને રવિવારે બપોરે પુણા વિસ્તારમાં આવેલા રાજ મોલની પાસે અનાજમાં નાંખવાની દવા પી આપઘાત કરવાનો પ્રયાસ કર્યો હતો. દર્શને આપઘાત કરતાં પહેલાં તેના મિત્રને ફોન કરીને આપઘાત કરું છું તેમ કહ્યું હતું. જેથી તેના મિત્રએ તેના ભાઈ ચિરાગને ફોન કરીને સમગ્ર

...અનુસંધાન પાના 5 પર

# સુરતમાંથી ઝડપાયેલા 134 બાંગ્લાદેશીની પૂછપરછ માટે પશ્ચિમ બંગાળ IBની ટીમ આવી

**25** અધિકારીઓ સુરતની વિવિધ ટીમો સાથે તપાસમાં જોડાયા

**ખાસ** તો શકમંદોના ઓળખપત્રો અને દસ્તાવેજોની ખરાઈ કરવાનું કામ પૂરજોશમાં શરૂ

સુરતઃ સુરત શહેર અને ગ્રામ્ય વિસ્તારમાંથી મોટાપાયે કાર્યવાહી કરતાં ક્રાઈમ બ્રાન્ચે કુલ 134 જેટલા શકમંદ બાંગ્લાદેશીને ઝડપી પાડી સુરતના રાંદેર વિસ્તારમાં ભિક્ષુક સ્વીકાર કેન્દ્રમાં રાખ્યા છે. આટલી મોટી સંખ્યામાં ઝડપાયેલા શકમંદ બાંગ્લાદેશીઓની સઘન પૂછપરછ માટે સેન્ટ્રલ ઈન્ટેલિજન્સ બ્યૂરો (IB) સાથે જ હવે પશ્ચિમ બંગાળની આઈબીની ટીમ પણ તપાસ માટે સુરતમાં આવી પહોંચી છે. આ ટીમ દ્વારા શકમંદ બાંગ્લાદેશીઓની ઓળખ માટે તમામને નંબર અને ટેગ આપ્યાં છે અને તપાસની કામગીરી હાથ ધરાઈ છે, ત્યારબાદ રિપોર્ટ તૈયાર કરી કેન્દ્રીય ગૃહ મંત્રાલયને આપવામાં આવશે.

### પકડાયેલા શકમંદો તપાસમાં સહકાર નથી આપી રહ્યા

૧૩૪ શકમંદોની અટકાયત કરવામાં આવ્યા બાદ પોલીસ દ્વારા સઘન પૂછપરછ કરવામાં આવી રહી છે. જો કે પોલીસ સૂત્રોનું કહેવું છે કે પૂછપરછ દરમિયાન આ શકમંદો પોલીસને સહકાર આપી રહ્યા નથી. કેટલાક કહી રહ્યા છે કે તેઓ નાના હતા ત્યારે પિતા અહીં લઈ આવ્યા હતા, જેથી તેઓ ભારતીય હોવાનું જ ગણું ગાઈ રહ્યા છે.

### ક્યાંથી કેટલા બાંગ્લાદેશી ઝડપાયા?

| | |
|---|---|
| પલસાણા | 15 |
| કામરેજ | 18 |
| કોસંબા | 26 |
| ઉમરગામ | 7 |
| કુલ | 66 |

સુરત પોલીસ દ્વારા તમામ શકમંદ બાંગ્લાદેશીઓને નંબર અને ટેગ આપવામાં આવ્યા છે. દરેક શકમંદ બાંગ્લાદેશીને નિશ્ચિત ક્રમમાં રાખી સઘન પૂછપરછ માટે તૈયાર કરાયા છે.

...અનુસંધાન પાના 5 પર

**રાજકોટ - સુરેન્દ્રનગર-મોરબી અને કચ્છમાં 48 કલાક માટેનું હિટવેવનું યલો એલર્ટ જાહેર કરાયું**

# ગુજરાતના કંડલા એરપોર્ટ પર તાપમાન 46 ડિગ્રી!

**ભૂજ**-રાજકોટ અને સુરેન્દ્રનગર 44 ડિગ્રી ગરમીમાં શેકાયા

ગાંધીનગર : ગુજરાતમાં હવે ગરમીનો પ્રકોપ જોવા મળી રહ્યો છે, ખાસ કરીને આજે દિવસ દરમિયાન કંડલા એરપોર્ટ પર ગરમીનો પારો 46 ડિગ્રીએ પહોંચી ગયો હતો. કચ્છમાં આજે ગરમીના પ્રકોપના કારણે લોકો ત્રાહિમામ પોકારી ગયા હતા. હજુયે આગામી 48 કલાક માટે હવામાન વિભાગ દ્વારા હિટવેવનુ યલો એલર્ટ જાહેર કરી દેવા આવ્યુ છે.

હવમાન વિભાગના સત્તાવાર સૂત્રોએ કહ્યું હતું કે રાજય આગામી 48 કલાક દરમિયાન રાજકોટ , સુરેન્દ્રનગર , મોરબી અને કચ્છમા હિટવેવનું યલો એલર્ટ આપવામાં આવ્યુ છે. આગામી તા.1 લી મે

...અનુસંધાન પાના 5 પર

## શહેરમાં મહત્તમ તાપમાન ઘટીને 33.6 ડિગ્રી, છતાં ભેજનું પ્રમાણ વધતાં ઉકળાટ વધી ગયો

સુરતઃ શહેરમાં આજે મહત્તમ તાપમાન 0.6 ડિગ્રી ઘટીને 34.2 ડિગ્રી નોંધાયું હતું, છતાં પણ ભેજના વધેલા પ્રમાણે લોકોને બફારાથી અકળાવી નાંખ્યા હતાં. લઘુત્તમ તાપમાનમાં પણ વધારો થતાં મધરાત અને વહેલી સવારની ઠંડક ગાયબ રહી હતી. હવામાન વિભાગના સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી મુજબ

પ્રથમ પુણ્યતિથિએ હાર્દિક શ્રધ્ધાંજલિ



સ્વ. શશીકાંત ડાહ્યાભાઈ ભોજાવાલા
સ્વ. તા. ૨૯.૦૪.૨૦૨૪
તમારી હાજરી નો આભાસ, ઘરમાં સાથે જ હોવાનો ભાસ,
શબ્દસહ વાતોના ભણકારા, તમારા દર્શન ના અણસારા
પરિવારને આત્મબળ અને પ્રેરણા આપતા રહેશે.
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના...
લિ.
દમયંતિબેન શશીકાંત ભોજાવાલા
જીજ્ઞેશ શશીકાંત ભોજાવાલા જીગીશા જીજ્ઞેશ ભોજાવાલા
નીરવ શશીકાંત ભોજાવાલા ચૈતાલી નીરવ ભોજાવાલા
સુચીત, પ્રેક્ષા, હર્ષિત, કેવલ
તથા સમસ્ત ભોજાવાલા પરિવાર

ક્ષત્રિય દુઃખદ અવસાન- બેસણું



સ્વ. મહેન્દ્રકુમાર ધનસુખલાલ ગોટાવાલા (લાલવાલા)
સ્વ. તા. ૨૭-૦૪-૨૦૨૫
દિલગીરી સહ જણાવવાનું કે મારા પતિ/ પિતાશ્રી મહેન્દ્રકુમાર ધનસુખલાલ ગોટાવાલા (લાલવાલા) નું તા. ૨૭-૦૪-૨૦૨૫ ને રવિવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. પ્રભુ સદ્‌ગતની આત્માને ચિર શાંતિ અર્પે એજ સમસ્ત પરિવારની પ્રાર્થના...
સદ્‌ગતની સ્મશાન યાત્રા :- તા. ૨૯-૦૪-૨૦૨૫ ને મંગળવાર ના રોજ સવારે ૧૦.૦૦ કલાકે અમારા નિવાસ સ્થાન થી નીકળી રામનાથ ઘેલા સ્મશાનભુમિ જશે.
સદ્‌ગતનું બેસણું :- તા. ૩૦-૦૪-૨૦૨૫ ને બુધવારના રોજ સવારે ૯.૦૦ થી ૧૧.૦૦ કલાકે રાખેલ છે.
બેસણાનું સ્થળ :- ધમણવાલા એસી હોલ, સીંગાપુરીની વાડી, રૂસ્તમપુરા, સુરત.
લિ. ગં.સ્વ. કોકીલાબેન મહેન્દ્રકુમાર લાલવાલા
ડેનીશ મહેન્દ્રકુમાર લાલવાલા (પુત્ર) લીઝા ડેનીશ લાલવાલા (પુત્રવધુ)
મિલનકુમાર મનુભાઈ પટેલ (જમાઈ) રાધિકા મિલન પટેલ (પુત્રી)
નવીનચંદ્ર ધનસુખલાલ લાલવાલા (ભાઈ) ચંદ્રકાંત ધનસુખલાલ લાલવાલા (ભાઈ)
બિપિનચંદ્ર ધનસુખલાલ લાલવાલા (ભાઈ) નારાયણ ધનસુખલાલ લાલવાલા (ભાઈ)
નંદકિશોર ધનસુખલાલ ચોરાવાલા (બનેવી) નિર્મલાબેન નંદકિશોર ચોરાવાલા (બેન)
નૈર્સગી મિલનકુમાર પટેલ (ભાણેજ) એન્જલ મિલનકુમાર પટેલ (ભાણેજ)

અવસાન, બેસણું, શ્રધ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા

ફિક્સ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧

| છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|
| ₹૧૮૦૦/- | ₹૧૫૦૦/- | ₹૨૫૦૦/- |

| ફિક્સ્ડ સાઈઝ ૧૦×૨ | છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|---|
| | ₹૪૫૦૦/- | ₹૩૦૦૦/- | ₹૫૨૦૦/- |

(+GST EXTRA)


ગુજરાતમિત્ર
જાહેરાત માટે મળો : ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

અનાવિલ અવસાન



સ્વ. આશાબેન નટવરલાલ વશી
સ્વ.તા.૨૬/૦૪/૨૦૨૫
દિલગીરી સાથે જણાવવાનું કે મારા ફોઈ સદ્‌ગત આશાબેન નટવરલાલ વશી (અમિતાબેન), ગામઃ પોંસરા, મુકામ પોસ્ટ મરોલી અને હાલ નિવાસીઃ રાંદેર રોડ, સુરત, તેમનું અવસાન ૨૬ એપ્રિલ ૨૦૨૫, શનિવારનાં રોજ સાંજે ૭.૩૦ કલાકે થયું છે.
સદ્‌ગતની અંતિમક્રિયા કુરુક્ષેત્ર સ્મશાન ગૃહ ખાતે સંપન્ન કરવામાં આવી છે જેની નોંધ લેશોજી.
પ્રભુ સદ્‌ગતના આત્માને શાંતિ આપે તેવી સ્વગૃહે પ્રાર્થના કરવા વિનંતી...
લિ.
હર્ષિત જતીનચંદ્ર ભટ્ટ
રાંદેર રોડ, સુરત.

સુરતી મોઢવણિક દુઃખદ અવસાન-બેસણું



સ્વ.રાજેશભાઈ (રોહિતભાઈ) શશીકાંતભાઈ આસમાની
સ્વ.તા.: ૨૮-૦૪-૨૦૨૫
અમારા પિતાશ્રી રાજેશભાઈ (રોહિતભાઈ) શશીકાંતભાઈ આસમાની નું સોમવાર તા. ૨૮/૦૪/૨૫ ના રોજ દુઃખદ અવસાન થયેલ છે જેમની સ્મશાન યાત્રા મંગળવાર તા. ૨૯/૪/૨૦૨૫ ના રોજ સવારે ૮:૦૦ કલાકે નિવાસસ્થાનેથી નીકળી કુરૂક્ષેત્ર સ્મશાનગૃહ જહાંગીરપુરા જશે.
સદ્‌ગતનુ બેસણું
તારીખઃ ૨૯/૦૪/૨૦૨૫ ને મંગળવાર સાંજે ૫:૦૦ કલાકે અમારા નિવાસ સ્થાને રાખેલ છે.
નિવાસ સ્થાન : આઈ-૭૦૧, અંજની એમ્બ્રોસિયા, ટેસ્ટી રેસ્ટોરન્ટની બાજુમાં, જહાંગીરપુરા, મેઈનરોડ.સુરત.
લિ.
ગં.સ્વ. બીનાબેન રાજેશભાઈ આસમાની(પત્ની)
કરણ રાજેશભાઈ આસમાની(પુત્ર) ફેનિલ રાજેશભાઈ આસમાની(પુત્ર)
કિંજલ કરણ આસમાની(પુત્રવધુ) ભાવિશા ફેનિલ આસમાની(પુત્રવધુ)
માધવ કરણ આસમાની (પૌત્ર) જીયાન ફેનિલ આસમાની (પૌત્ર)

પાંચમી પુણ્યતિથીએ શ્રદ્ધાંજલી



સ્વ. સરોજબેન સી.જોશી
સ્વ.તા. 29-04-2020
"અમો તમારા પરિવારજનો, પરમ કૃપાળુ પરમાત્માને પ્રાર્થના કરીએ કે, તમારા આત્માને સદગતિ, પરમ શાંતિ અને મોક્ષ આપે તેવી પરિવારના સભ્યો તરફથી હૃદયે ભાવાંજલી"
લિ.
કુ. હર્ષા સી. જોશી (પુત્રી)
શ્રીમતી પૂર્ણિમા ભરતભાઇ વ્યાસ (પુત્રી)
શ્રી બંકિમ સી. જોશી (પુત્ર)
શ્રીમતી વૈશાલી બંકિમ જોશી (પુત્રવધૂ)
સ્વ. તુષાર સી.જોશી (પુત્ર)
ગં.સ્વ. મોના તુષાર જોશી (પુત્રવધૂ)
સમસ્ત જોશી પરિવાર
શોકાતુર
શરદ ડી. નાયક (ભાણેજ)
દિના શરદ નાયક
ઈશા રાજેશ દેસાઇ

ચોથી પૂણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



સ્વ. ઠાકોરભાઈ વલ્લભભાઈ પટેલ
સ્વ.તા. ૨૯/૦૪/૨૦૨૧
સખત મહેનત, સેવાની ભાવના અને સહનશીલતા જેવા સદ્‌ગુણોથી આપે જીવન સમૃદ્ધ બનાવ્યું, જીવનભર પુરૂષાર્થ કરી સૌને સુખ આપી ગયા. પ્રભુ આપના પવિત્ર આત્માને ચિરઃ શાંતિ આપે એ જ પ્રાર્થના...
લિ.
ગં.સ્વ. મણીબેન ઠાકોરભાઈ પટેલ (પત્ની)
સ્વ. રમેશચંદ્ર ટી. પટેલ (પુત્ર)
જયંતીભાઈ ટી. પટેલ (પુત્ર)
હર્ષદ ટી. પટેલ (પુત્ર) (એડવોકેટ)
રાજેશકુમાર રમેશચંદ્ર પટેલ (પૌત્ર)
કરીના, ફેની, પ્રિન્સ તથા સમસ્ત પટેલ પરિવાર
મુ.પો. આંધી, તા. ઓલપાડ, જી. સુરત.